Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

18614

15 ફેબ્રુઆરી, 2021

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

**શ્રી સંજીવ કુમાર, IAS**
ચેરમેન
ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ
ગુજરાત સરકાર
ગાંધીનગર.

માનનીયશ્રી,

**વિષય: પ્લાસ્ટિક પ્રોડકટ્સ ઉત્પાદિત કરતા એકમો પર EPR નિયમોના અમલીકરણ બાબતે મિટિંગ માટે સમય ફાળવવા વિનંતી**

GCCI તરફથી શુભેછાઓ.

અમોને ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક મેન્યુ. એસોસિએશન (GSPMA) તેમજ પોલી વોવેન એસોસિએશન (ગુજરાત) તરફથી તા. 11 ફેબ્રુઆરીના રોજ પત્રો મળેલ છે જેની નકલ આ સાથે આપની જાણ સારૂં અત્રે બીડેલ છે.

આ પત્રોમાં જણાવ્યા મુજબ થોડા સમય પેહલા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા PMWR અન્વયે જે EPR ના નિયમોનું પાલન કરવાનું જણાવ્યું છે તેના અમલ માટેની ગાઈડલાઇન્સ તૈયાર કરવાની કાર્યવાહી ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા ચાલુ છે. આવા સંજોગોમાં જો આ નિયમોનું સમગ્ર દેશમાં એકરૂપ અમલીકરણ ન થાય અને ગુજરાત તેમજ અન્ય અમુક રાજ્યોમાં જ એનું અમલીકરણ કરાવવામાં આવે તો રાજ્યના પ્લાસ્ટિક ઉદ્યોગો માટે વિપરીત અસરકર્તા થશે. વધુમાં તેમણે GST ની જેમ EPRના નિયમો માટે પણ સોફ્ટવેર નો ઉપયોગ કરવાનું સૂચન કર્યું છે.

ઉદ્યોગોના લાંબા ગાળાના હિતમાં આ મુદ્દા અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરવા GCCI અને સંલગ્ન એસોસિએશનના હોદ્દેદારોની આપશ્રી સાથે એક મિટિંગ કરવા ઇચ્છિએ છીએ તો આપશ્રીને મિટિંગ માટે આગામી સપ્તાહમાં અનુકૂળ સમય ફાળવવા નમ્ર વિનંતી છે.

આપના સાનુકૂળ પ્રત્યુત્તરની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

**બિડાણ : ઉપર મુજબ**

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

# GUJARAT STATE PLASTIC MANUFACTURERS' ASSOCIATION

7th Floor, Span Trade Centre, Near Paldi Char Rasta, Ellisbridge, Ahmedabad-380 006.
**PHONE** : (91-79) 2657 9204, 2657 8227, 6663 0339, 6663 0340
**Email** : gspma1970@gmail.com **Website** : http://www.gspma.in

GSPMA
(ISO 9001:2008)

50 Years Golden Jubilee
1970 - 2020

**SHAILESH PATEL**
PRESIDENT
(M) 93282 29013

**DEVANG MEHTA**
VICE PRESIDENT
(M) 98250 97928

**SHAMBHUBHAI TALAVIYA**
VICE PRESIDENT
(M) 98240 92554

**BHARAT PATEL**
HON. SECRETARY
(M) 98251 15575

**VIJAY PATEL**
HON. JT. SECRETARY
(M) 98253 73736

**RAJUL PATEL**
HON. TREASURER
(M) 98240 21586

**VRAJESH PARIKH**
EX-OFFICIO
(M) 94266 61612


GCCI
13 FEB 2021
Inw. No. 3201

GSPMA/2020-21/152
11th February, 2021

Shri Natubhai Patel,
President,
Gujarat Chamber of Commerce & Industry,
Ahmedabad.

Dear Shri Natubhai,

Greetings from Team GSPMA!!!

Recently, we have addressed one memorandum to Shri Vijaybhai Rupaniji, Hon'ble Chief Minister, Gujarat with respect to the hardships being faced by Plastic processing units in implementation of EPR Rules by the authorities. A copy of the detailed memorandum is attached herewith, which is quite self-explanatory.

We request you to kindly take up the issue with the concerned authorities on Top priority basis at the end of GCCI, being an apex body of Associations and Chambers of Commerce in the State. We are sure with GCCI's intervention & its due weightage which will be useful in resolving the issue soon.

Thanking you for your kindest attention,

Sincerely yours,
For, G.S.P.M.A.,

SHAILESH PATEL
(President)

Encl: Memorandum


9th Plexpo 2022 India — Grow Globally with — Prosperity Through Plastics

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

Founder Member :
PLASTINDIA FOUNDATION

# GUJARAT STATE PLASTIC MANUFACTURERS' ASSOCIATION

7th Floor, Span Trade Centre, Near Paldi Char Rasta, Ellisbridge, Ahmedabad-380 006.
**PHONE :** (91-79) 2657 9204, 2657 8227, 6663 0339, 6663 0340
**Email :** gspma1970@gmail.com **Website :** http://www.gspma.in



GSPMA
(ISO 9001:2008)

50 Years Golden Jubilee 1970 - 2020

**SHAILESH PATEL**
PRESIDENT
(M) 93282 29013

**DEVANG MEHTA**
VICE PRESIDENT
(M) 98250 97928

**SHAMBHUBHAI TALAVIYA**
VICE PRESIDENT
(M) 98240 92554

**BHARAT PATEL**
HON. SECRETARY
(M) 98251 15575

**VIJAY PATEL**
HON. JT. SECRETARY
(M) 98253 73736

**RAJUL PATEL**
HON. TREASURER
(M) 98240 21586

**VRAJESH PARIKH**
EX-OFFICIO
(M) 94266 61612

Plexpo india 2022 Grow Globally with Prosperity Through Plastics

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

Founder Member :
PLASTINDIA FOUNDATION


GSPMA/૨૦૨૦-૨૧ /૧૫૦
૯મી ફેબ્રુઆરી, ૨૦૨૧

શ્રી વિજયભાઈ રૂપાણીજી,
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

<u>વિષય:-પ્લાસ્ટીક પ્રોડકટ્સ ઉત્પાદિત કરતા એકમો પર EPR નિયમો અમલીકરણ બાબત</u>

માનનીય શ્રી રૂપાણીજી,

ગુજરાત સ્ટેટ પ્લાસ્ટીક મેન્યુ. એસોસિઅશન (GSPMA) તરફથી સાદર પ્રણામ ! GSPMA ગુજરાત રાજ્યમાં પ્લાસ્ટીક ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતું ૩૫૦૦થી પણ વધુ સભ્યબળ ધરાવતું અને દેશના અગ્રણી એસોસિઅશન પૈકી એક છે. જે ૧૯૭૦થી કાર્યરત છે. હાલમાં એસોસિઅશન તેની સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી કરી રહેલ છે. એસોસિઅશન પ્લાસ્ટીક ઉદ્યોગની સેવાર્થે સમર્પિત છે. મોટાભાગના સભ્યો MSME સેક્ટરમાં છે.

આપને વિદિત થાય કે હાલમાં રાજ્યમાં લગભગ ૧૦૦૦૦ પ્લાસ્ટીક પ્રોસેસિંગ એકમો છે જે વિવિધ પ્લાસ્ટીક પ્રોડકટ્સનું ઉત્પાદન કરે છે અને Core Sectorમાં જરૂરિયાતો પૂરી પાડે છે. આ પ્લાસ્ટીક ઉદ્યોગ ૧૦ મીલીયન લોકોને રોજગારી પૂરી પાડે છે. ગત માર્ચથી વિશ્વભરમાં પ્રસરેલ કોરોના મહામારીથી પ્લાસ્ટીક ઉદ્યોગ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહેલ છે.

આપ વાકેફ છો કે આ મહામારી નાથવા પ્લાસ્ટીક ઉધોગ તેના વિવિધ ઉત્પાદનો પૂરા પાડીને સારું યોગદાન કર્યું છે. PPE કીટ્સથી માંડીને અન્ય પેકેજીંગ ઉત્પાદનો અને Life Saving પ્રોડકટ પૂરી

# GUJARAT STATE PLASTIC MANUFACTURERS' ASSOCIATION

**7th Floor, Span Trade Centre, Near Paldi Char Rasta, Ellisbridge, Ahmedabad-380 006.**
**PHONE** : (91-79) 2657 9204, 2657 8227, 6663 0339, 6663 0340
**Email** : gspma1970@gmail.com **Website** : http://www.gspma.in

G S P M A
**(ISO 9001:2008)**

50 Years Golden Jubilee
1970 - 2020



**SHAILESH PATEL**
**PRESIDENT**
**(M) 93282 29013**

**DEVANG MEHTA**
**VICE PRESIDENT**
**(M) 98250 97928**

**SHAMBHUBHAI TALAVIYA**
**VICE PRESIDENT**
**(M) 98240 92554**

**BHARAT PATEL**
**HON. SECRETARY**
**(M) 98251 15575**

**VIJAY PATEL**
**HON. JT. SECRETARY**
**(M) 98253 73736**

**RAJUL PATEL**
**HON. TREASURER**
**(M) 98240 21586**

**VRAJESH PARIKH**
**EX-OFFICIO**
**(M) 94266 61612**


પાડીને ઉધોગે તેની મહત્તા દર્શાવી છે. ગુજરાત સરકારે પણ માનનીય પ્રધાનમંત્રીશ્રીની રાહબરી અને માર્ગદર્શન હેઠળ નોધપાત્ર કામગીરી કરી રાજ્યની આમજનતા અને ઉધોગકારોને રાહત આપવા પ્રશંશનીય પગલા લીધેલ છે. આ દરમ્યાન સરકારશ્રી અમારી રજુઆતોને ધ્યાને લઇ વખતોવખત જે તે સમસ્યાઓનું નિરાકરણ કરેલ છે તે માટે અમો આપના ખુબ આભારી છીએ.

આપ જાણો છો કે પ્લાસ્ટીક ઉધોગ મોટા પાયે રીસાયકલીંગ થકી ઘણી ઉપયોગી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરે છે અને તેના ઉપયોગ મારફત પર્યાવરણની રક્ષા કરવામાં મદદ કરે છે. રીપ્રોસેસીંગ દ્વારા નાના નાના લોકોને આજીવિકા પણ પૂરી પાડે છે.

સને ૨૦૧૮માં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MOEF), ભારત સરકાર દ્વારા પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ (સુધારો) નિયમો ૨૦૧૮ (PWMR) બહાર પાડવામાં આવ્યા જે અન્વયે ઉત્પાદકની જવાબદારી નક્કી કરીને પ્લાસ્ટીકના જોખમને યોગ્ય રીતે સંબોધવામાં આવ્યો અને કેરી બેગ, મલ્ટીલેયર પ્લાસ્ટીક, પ્લાસ્ટીક શીટ્સ વિગેરે માટે EPR નિયમો પણ બનાવવામાં આવ્યા. જો કે ગ્રેન્યુલ્સમાંથી કેરી બેગ, મલ્ટીલેયર પ્લાસ્ટીક સેચેટ્સ અને પાઉચ વગેરે પ્લાસ્ટીક ઉત્પાદનો વજનના પ્રમાણમાં ખુબ ઓછા બને છે પરંતુ આવા નાના અને ઓછા અથવા કોઈ મૂલ્ય વગરની વસ્તુઓના લીધે મોટી સમસ્યા ઉભી થાય છે.

થોડા સમય પહેલા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા PMWR અન્વયે EPRના નિયમોનું પાલન કરાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી. એસોસીએશન EPRના નિયમોને આવકારે છે અને તેનું પાલન ઉત્પાદકો કરે તે માટે કટિબધ્ધ પણ છે. પરંતુ આ નિયમો ફકત ગુજરાત અને અમુક રાજ્યોમાં જ અમલ થાય તો તે રાજ્યના ઉધોગકારોને વધુ ખર્ચ ભોગવવાનો થાય અને તેનાથી સ્પર્ધાત્મકતા પર અસર થાય તે સ્વાભાવિક છે અને તેનાથી સંબધિત ઉત્પાદકોએ સહન કરવાનું આવે


9th 2022 Plexpo India — Grow Globally with — Prosperity Through Plastics

स्वच्छ भारत — एक कदम स्वच्छता की ओर

Founder Member :
PLASTINDIA FOUNDATION

GUJARAT STATE PLASTIC MANUFACTURERS' ASSOCIATION
7th Floor, Span Trade Centre, Near Paldi Char Rasta, Ellisbridge, Ahmedabad-380 006.
PHONE : (91-79) 2657 9204, 2657 8227, 6663 0339, 6663 0340
Email : gspma1970@gmail.com Website : http://www.gspma.in

GSPMA
(ISO 9001:2008)
50 Years Golden Jubilee
1970 - 2020

SHAILESH PATEL
PRESIDENT
(M) 93282 29013

DEVANG MEHTA
VICE PRESIDENT
(M) 98250 97928

SHAMBHUBHAI TALAVIYA
VICE PRESIDENT
(M) 98240 92554

BHARAT PATEL
HON. SECRETARY
(M) 98251 15575

VIJAY PATEL
HON. JT. SECRETARY
(M) 98253 73736

RAJUL PATEL
HON. TREASURER
(M) 98240 21586

VRAJESH PARIKH
EX-OFFICIO
(M) 94266 61612

Plexpo India 2022 Grow Globally with Prosperity Through Plastics
स्वच्छ भारत एक कदम स्वच्छता की ओर
Founder Member :
PLASTINDIA FOUNDATION

અને લાંબા ગાળે ઉદ્યોગધંધા પર વિપરીત અસર થાય. આથી EPR સમગ્ર દેશમાં લાગુ પાડવામાં આવે અને તેનું પાલન કરવામાં આવે એવી અમારી નમ્ર વિનંતી છે. વધુમાં EPR નિયમો અમલ કરાવવા ગાઈડલાઇન્સ તૈયાર કરવામાં આવી રહી છે જે ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા કાર્યવાહી ચાલુ છે. તો જ્યાંસુધી આ ગાઈડલાઈન્સ તૈયાર ન થાય અને તેનું અમલીકરણ સમગ્ર દેશમાં ન કરવામાં આવે ત્યાંસુધી EPRના નિયમોના પાલનમાં રાહત આપવામાં આવે એવી અમારી વિનંતી છે.

ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા જે રીતે GST લાગુ પાડવામાં આવેલ છે અને તેનું સફળતાપૂર્વક પાલન પણ થઇ રહયું છે. GSTના કાયદામાં જેમ આગળના ઉત્પાદકે GST ભરેલ હોય તો પછી ઉત્પાદક કે ગ્રાહકને GSTની ક્રેડિટ મજરે મળે એવી વ્યવસ્થા છે. આવી જ વ્યવસ્થા EPRના નિયમો હેઠળ પણ કરવાની રહે છે તો અમારી ખાસ વિનંતી છે કે GST માફક સોફ્ટવેરનો ઉપયોગ કરી EPRના નિયમોનું પાલન કરાવવામાં આવે તો સમગ્ર દેશમાં એકરૂપ અમલીકરણ થાય અને કોઇપણ ઉદ્યોગકારને અન્યાય ન થાય અને તમામને વ્યાપાર ઉદ્યોગ કરવાની સમાન તક મળી રહે.

અમે આપને ખાતરી આપીએ છીએ કે તમામ ઉદ્યોગકારો સરકારશ્રીની સાથે જ છે અને વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અને ત્યારબાદના ઘણા કાર્યક્રમો દરમ્યાન પ્રધાનમંત્રીશ્રીએ કરેલ હાકલ મુજબ ઉદ્યોગકારો સ્વચ્છ ભારત અને સિંગલ યુઝ પ્લાસ્ટીકને દૂર કરવા કટિબધ્ધ છે.

આપશ્રીને નમ્ર વિનંતી છે કે આ બાબતમાં આપ સત્વરે હસ્તક્ષેપ કરી અને એસોશિએશનના તમામ સભ્યો અને સમગ્ર ઉદ્યોગકારોને રાહત અપાવવા યોગ્ય કરશોજી.

GSPMA
(ISO 9001:2008)
50 Years Golden Jubilee 1970 - 2020

**SHAILESH PATEL**
PRESIDENT
(M) 93282 29013

**DEVANG MEHTA**
VICE PRESIDENT
(M) 98250 97928

**SHAMBHUBHAI TALAVIYA**
VICE PRESIDENT
(M) 98240 92554

**BHARAT PATEL**
HON. SECRETARY
(M) 98251 15575

**VIJAY PATEL**
HON. JT. SECRETARY
(M) 98253 73736

**RAJUL PATEL**
HON. TREASURER
(M) 98240 21586

**VRAJESH PARIKH**
EX-OFFICIO
(M) 94266 61612

9th Plexpo India 2022 Grow Globally with Prosperity Through Plastics

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

Founder Member :
PLASTINDIA FOUNDATION


# GUJARAT STATE PLASTIC MANUFACTURERS' ASSOCIATION

7th Floor, Span Trade Centre, Near Paldi Char Rasta, Ellisbridge, Ahmedabad-380 006.
**PHONE** : (91-79) 2657 9204, 2657 8227, 6663 0339, 6663 0340
**Email** : gspma1970@gmail.com **Website** : http://www.gspma.in


આ બાબતે વિગતે ચર્ચાવિચારણા કરવા અમારું પ્રતિનિધિ મંડળ આપને રૂબરૂ મળવા પણ ઈચ્છે છે તો આપનો અનુકુળ સમય અમને ફાળવી ઉપકૃત કરશોજી.

આપના સહકારની અપેક્ષા સહ,

લિ. આપનો સ્નેહાધીન,

શૈલેષ પટેલ
(પ્રમુખ)

નકલ સાદર રવાના :-

૧. માનનીય ઉધોગમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૨. માનનીય ઉર્જા મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૩. માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૪. મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૫. અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૬. અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર

૭. સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર

Poly Woven Association (Gujarat)
330/A, Third Floor, Kalasagar Mall, Opp. Saibaba Temple, Near Sattadhar Cross Roads, Ghatlodiya, Ahmedabad-61. (Guj.)
Mr. Alpesh Patel : +91 9825444476, Mr. Rajiv Bansal : +91 9825035733, Mr. Sajjan Ranasaria : +91 9825074214
Email : polywovenassoguj@gmail.com

પ્રતિ,
શ્રી જયદ્રથસિંહજી પરમાર,
માનનીય રાજ્ય પ્રધાનશ્રી,
કૃષિ અને પંચાયત,
પર્યાવરણ (સ્વતંત્ર હવાલો)

ગુજરાત સરકાર

**વિષય : પ્લાસ્ટિક પ્રોડક્ટ ઉત્પાદિત કરતા એકમો પર EPRના નિયમો લાગુ કરવા બાબતે**

મહોદયશ્રી,

સૌપ્રથમ, હાલની કોરોનાની કપરી પરિસ્થિતિમાં આપના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા થયેલી અભૂતપૂર્વ કામગીરીને અમે બિરદાવીએ છીએ તેમજ આપના અથાગ પ્રયાસ અને મહેનતના કારણે ગુજરાતની પ્રજા કોરોનાની મહામારીને નાથી શકી છે અને ન્યૂનતમ અસર પામી સ્થિતિમાંથી ઉગરી ગઈ છે.

કોરોના લોકડાઉન સમયમાં અને ત્યારબાદ અનલોકના સમયમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવેલ નિર્ણયો અને બહાર પાડવામાં આવેલ નીતિઓ દાદને પાત્ર છે. આ નીતિઓને કારણે પ્રજા અને ઉદ્યોગોને ઓછામાં ઓછી અસર થવા પામી છે તેમ છતાં કોરોનાની લપડાક એવી છે કે હજુ અર્થતંત્ર અને ઉદ્યોગો બેઠા થઈ રહ્યા છે અને બધાને સરકારના સહકારની અપેક્ષા રહેલી છે.

આવા કપરા સમયમાં, પ્લાસ્ટિક ઉદ્યોગ કે જે નાના અને મજૂરી કરતાં શ્રમિકોને રોજગારી પૂરી પાડે છે, તેમની પડતી સમસ્યાનું નિવારણ કરવા અને યોગ્ય રસ્તો બતાવવા આપ સાહેબને વિનંતી છે.

સરકાર દ્વારા બનાવવામાં આવતા તમામ નિયમોનું પાલન કરવા અને સહકાર આપવા ઉદ્યોગો હરહંમેશ તત્પર હોય છે અને ભવિષ્યમાં પણ તૈયાર જ રહેશે.

Poly Woven Association (Gujarat)
330/A, Third Floor, Kalasagar Mall, Opp. Saibaba Temple, Near Sattadhar Cross Roads, Ghatlodiya, Ahmedabad-61. (Guj.)
Mr. Alpesh Patel : +91 9825444476, Mr. Rajiv Bansal : +91 9825035733, Mr. Sajjan Ranasaria : +91 9825074214
Email : polywovenassoguj@gmail.com

અમે સમગ્ર ગુજરાતમાંથી આવતા વણાયેલા કોથળો, બેગ અને શીટ્સ ઉત્પાદકો છીએ. હાલમાં લગભગ ૮૦૦ જેટલા એકમો વણાયેલી બેગના ઉત્પાદનમાં રોકાયેલા છે. અમારી ઉત્પાદન પ્રક્રિયામાં મુખ્યત્વે HDPE / LDPE ગ્રેન્યુલ્સમાંથી પાતળી અને લાંબી પ્લાસ્ટિક ટેપ બનતી હોય છે. આ ટેપ પછી બોબીન્સ પર વીંટવામાં આવે છે અને તેમાંથી એચડીપીઇ / એલડીપીઇના વણાયેલા કાપડ બનાવવામાં આવે છે જેમાંથી બેગ, જમ્બો બેગ, મોટી શીટ્સ વગેરે બનાવવા આવે છે. દરેક વ્યક્તિગત બેગનું વજન અલગ અલગ હોય છે જે લગભગ 3 થી 50 કિલોગ્રામ જેટલું હોય છે. આ બેગનો ઉપયોગ મુખ્યત્વે અનાજ, ખાતર, સિમેન્ટ વગેરેના સંગ્રહ અને પરિવહન માટે થાય છે .

તમે જાણતા જ હશો કે આ બેગનાં પ્રથમ ઉપયોગ પછી તેને ફેંકી દેવામાં આવતી નથી અને તેનો ઘણી વખત અને ઘણા વર્ષો સુધી ફરી ફરી ઉપયોગમાં લેવામાં આવે છે અને રિસાયકલ કરવામાં આવે છે . તમે ઘણી વખત જોયું હશે કે આ બેગમાંથી રેતી ભરી તે થેલીઓ સુરક્ષા માટે વ્યૂહાત્મક સ્થળોએ આપણા સુરક્ષા દળો દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે.

બેગના ઉપયોગી જીવન પછી, તેને ઓગાળવામાં આવે છે, ફરીથી દાણા બનાવી અને નીચલા ગ્રેડના પાઈપો વગેરે જેવી વસ્તુઓ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તેથી, ભારત સરકાર દ્વારા પ્લાસ્ટિકના રિસાયકલ માટે કોઈ નિયમો લાગુ કરવામાં આવ્યા તે પહેલાં પણ આ થેલીઓ સંપૂર્ણ રીતે રિસાયકલ કરવામાં આવતી હતી અને તેના પરિણામે, કોઈપણ વણાયેલા કોથળા અથવા ફેબ્રિક ગુટકા અને વેફર પેકેટની જેમ ખુલ્લામાં ખેતરોમાં પડેલા જોઇ શકાતા નથી. અથવા બીજા શબ્દોમાં કહીએ તો, હાલમાં એચડીપીઇ / એલડીપીઇ ગ્રેન્યુલ્સ થી બેગ અને ફરી ગ્રેન્યુલ્સની એક સિસ્ટમ -પારણાથી કબર સુધી નું આખું જીવન ચક્ર અસ્તિત્વમાં છે.

વર્ષ ૨૦૧૮માં, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (એમઓઇએફસીસી), ભારત સરકાર દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સુધારો) નિયમો, 2018 (પીડબ્લ્યુએમઆર) બહાર પાડવામાં આવ્યા જેમાં ઉત્પાદકોની જવાબદારી નક્કી કરીને પ્લાસ્ટિકના જોખમને ખૂબ જ યોગ્ય રીતે સંબોધવામાં આવ્યો અને કેરી બેગ,

Poly Woven Association (Gujarat)
330/A, Third Floor, Kalasagar Mall, Opp. Saibaba Temple, Near Sattadhar Cross Roads, Ghatlodiya, Ahmedabad-61. (Guj.)
Mr. Alpesh Patel : +91 9825444476, Mr. Rajiv Bansal : +91 9825035733, Mr. Sajjan Ranasaria : +91 9825074214
Email : polywovenassoguj@gmail.com

મલ્ટિલેયર્ડ પ્લાસ્ટિક, પ્લાસ્ટિકની શીટ્સ વગેરે માટે ઇપીઆરના નિયમો પણ બનાવવામાં આવ્યા. જોકે ગ્રાન્યુલ્સમાંથી કેરી બેગ, મલ્ટિલેયર્ડ પ્લાસ્ટિક સેચેટ્સ અને પાઉચ વગેરે પ્લાસ્ટિક ઉત્પાદનો વજનના પ્રમાણમાં ખુબ ઓછા બને છે (વ્યક્તિગત ઉત્પાદનના ઓછા વજનને કારણે) પરંતુ આવા નાના અને ઓછા અથવા કોઈ મૂલ્ય વગરની વસ્તુઓના લીધે મોટી સમસ્યા ઉભી થાય છે.

થોડા સમય પહેલા ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગ અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પીડબ્લ્યુએમઆર અન્વયે ઇપીઆરના નિયમોનું પાલન કરાવવાની ઝુંબેશ ચલાવવામાં આવેલ છે. ઇપીઆર ખૂબ આવકાર્ય બાબત છે અને પ્લાસ્ટિક પ્રદૂષણ દૂર કરવાના માનનીય પ્રધાનમંત્રીશ્રીના સ્વપ્નને પૂર્ણ કરનાર છે પરંતુ આ નિયમ ફક્ત ગુજરાત અને દેશના અમુક રાજ્યોમાં જ લાગુ થાય તો તે રાજ્યોના ઉદ્યોગકારોને વધુ ખર્ચ ભોગવવાનો થાય અને તેનાથી અમારી સ્પર્ધાત્મકતા ઉપર અસર થાય અને અંતે તેનાથી અમને નુકસાન થાય અને લાંબા ગળે ધંધાને અસર પડે. **આથી ઇપીઆરના નિયમો આખા ભારતમાં નાના-મોટા બધા ઉદ્યોગો ઉપર લાગુ પાડવામાં આવે અને પાલન કરવામાં આવે તેવી અમારી વિનંતી છે.**

વધુમાં આ નિયમો લાગુ કરવા માટે ગાઈડલાઈન્સ બનાવવામાં આવી રહી છે અને તે કાર્ય હાલ વન અને પર્યાવરણ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી ખાતે પ્રગતિમાં છે. તો જ્યાં સુધી **આ ગાઈડલાઈન્સ તૈયાર ન થઇ જાય અને તેનું પાલન આખા દેશમાં ન કરવામાં આવે ત્યાં સુધી ઇપીઆરના નિયમોના પાલનમાં રાહત આપવામાં આવે તેવી વિનંતી છે.**

ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા જીએસટી લાગુ કરવામાં આવેલ છે અને તેનું સફળતાપૂર્વક પાલન પણ કરાવવામાં આવી રહ્યું છે. જીએસટીના કાયદામાં જેમ આગળના ઉત્પાદકે જીએસટી ભરેલ હોય તો પછી ઉત્પાદક કે ગ્રાહકને જીએસટીની ક્રેડિટ મજરે મળે એવી વ્યવસ્થા છે. આવીજ વ્યવસ્થા ઇપીઆરના નિયમો હેઠળ પણ કરવાની રહે છે તો આ **અમારી વિનંતી છે કે જીએસટી જેવા જ સૉફ્ટવેરનો ઉપયોગ કરી ઇપીઆરના નિયમોનું**

# Poly Woven Association (Gujarat)

330/A, Third Floor, Kalasagar Mall, Opp. Saibaba Temple, Near Sattadhar Cross Roads, Ghatlodiya, Ahmedabad-61. (Guj.)
Mr. Alpesh Patel : +91 9825444476, Mr. Rajiv Bansal : +91 9825035733, Mr. Sajjan Ranasaria : +91 9825074214
Email : polywovenassoguj@gmail.com


પાલન કરાવવામાં આવે સમગ્ર દેશમાં એકરૂપ અમલીકરણ થાય અને કોઈપણ ઉદ્યોગકારને અનુચિત લાભ ન મળે અને બધાને એકસરખો ઉદ્યોગ વ્યાપાર કરવાની તક રહે.

અમે તમને ખાતરી આપીએ છીએ કે અમે સરકારની સાથે છીએ અને તાજેતરના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અને ત્યારબાદના અનેક કાર્યક્રમો દરમિયાન આપણા માનનીય વડા પ્રધાને આપેલી ટહેલ મુજબ સ્વચ્છ ભારત અને સિંગલ યુઝ પ્લાસ્ટિકને દૂર કરવા પ્રતિબદ્ધ છીએ.

આભાર સહ,

આપના સ્નેહાધીન

અલ્પેશ પટેલ
૯૮૨૫૪૪૪૪૭૬
પ્રેસિડંટ
પોલી વુવન અસોસીએસન – ગુજરાત

જય જય ગરવી ગુજરાત

(1) All over Imarg

(2) All plastic fur. – RH, all

(3) - GST. નહુ ચોરહુ – નથી -

(4) - નહુ કોન્ટ્રાક્ટર ન આવે ત્યાં ~~સુધી~~ GPCB/CPCB લોકો ન કરે -

(5) - PRO - સામટેર અમાણ તરીકે કરશો

(6) - All over - જુના વાલીકો -

(7) Roll ચોપાર થયો ગનશો

← "Alpeshbhai" Patel

98253 - 33376.